શહેરામાં પાલિકા તંત્ર દ્વારા ત્રીજા દિવસે પણ ગઝનવી મસ્જિદ સહિતના વિસ્તારમાંથી સામાન્ય દબાણો દૂર કરવામાં આવ્યા હતા. (તસવીર : ઉવેશ શેખ)

ધાડ અને લૂંટના બે ગુનામાં છેલ્લા ૧૯ વર્ષથી નાસતો ફરતો

મધ્યપ્રદેશના ઝાબુઆનો આરોપી સંતરોડ ઓવરબ્રિજ પાસેથી ઝડપાયો

પંચમહાલ જિલ્લાના મોરવાહડફ અને સંતરામપુર પોલીસ મથકના ધાડ લૂંટના બે ગુન્હામાં છેલ્લા ૧૯ વર્ષથી નાસતા ફરતા મધ્યપ્રદેશના ઝાબુઆના ઈંસમની સંતરોડ ઓવરબ્રિજ પાસેથી ધરપકડ કરતી પંચમહાલ એસ.ઓ.જી. પોલીસ.

શહેરા તા.૨૨

આરોપીને મોરવા હડફ પોલીસ મથકે સોંપ્યા

મોરવાહડફ પોલીસ મથક અને મહીસાગર જિલ્લાના સંતરામપુર પોલીસ મથક એમ બે અલગ અલગ પોલીસ મથકમાં મધ્યપ્રદેશ રાજ્યના ઝાબુઆ જિલ્લાના થાંદલા તાલુકાના નેગડીયા ગામના રહેવાસી પીકુ ખેમચંદ ભુરીયા સામે વર્ષ ૨૦૦૬ માં ધાડ લૂંટના બે ગુન્હા નોંધાયા હતા,જે બાદ આરોપી પીકુ ખેમચંદ ભુરીયા પોલીસને હાથતાળી આપી નાસતો ફરતો હતો.મોરવાહડફ અને સંતરામપુર પોલીસ મથકના ધાડ લૂંટના ગુન્હામાં છેલ્લા ૧૯ વર્ષથી નાસતો ફરતો આરોપી સંતરોડ ઓવરબ્રિજ પાસે ઉભેલ હોવાની બાતમી પંચમહાલ એસ.ઓ.જી. પોલીસને મળી હતી. જે બાતમીના આધારે પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે સંતરોડ ઓવરબ્રિજ પાસે જઈ ધાડ લૂંટના ગુન્હામાં નાસતા ફરતા આરોપી પીકુ ખેમચંદ ભુરીયાને ઝડપી પાડી કાર્યવાહી માટે મોરવાહડફ પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

રાણીપુરા અને જુના ટોટીદરા ગામે

નર્મદા નદીના ચાલુ પ્રવાહમાંથી પાઈપ લાઈન દ્વારા રેતી ઉલેચતા ઝડપાયા

ઝઘડિયા તાલુકાના નર્મદા કાંઠા વિસ્તારમાં રાણીપુરા ગામે પણ છેલ્લા ૧ માસ જેટલા સમયથી રાણીપુરાના કાચી વગામાંથી નર્મદા નદીના ચાલુ કરવામાં પાઈપલાઈન નાખી નાવડિયો વડે રેતી તેનાં સ્ટોક કરવાની ગેરકાયદે પ્રવૃતિ ચાલી રહી હતી.

ઝઘડિયા, તા. ૨૨

બે દિવસની બંને સ્થળે છાપામારીમા હીટાચી મશીન,ટ્રક તથા નાવડી મળી આશરે ૧ કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધો

ભુસ્તર શા ીને મળેલી ફરિયાદના આધારે તેમની સુચના અન્વયે ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા ગતરોજ તા.૨૨ નાં રાત્રે ૧૨:૩૦ કલાકે રાણીપુરા તા.ઝગડિયા ખાતેથી પસાર થતી નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી.તપાસ દરમ્યાન નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં એક યાંત્રિક નાવડી તથા એક ટાટા હિટાચી મશીન દ્વારા સાદી રેતી ખનીજનું બિનઅધિકૃત ખોદકામ કરી ટ્રકમાં સાદી રેતી ખનીજ ભરીને બિનઅધિકૃત વહન કરાતું હોવાથી આશરે ૬૦ લાખનો મુદ્દામાલ જપ્તા કરી ઝઘડિયા પોલીસ સ્ટેશન ખાતે રાખ્યો છે. તેમજ તપાસ ટીમનાં સર્વેયર દ્વારા જગ્યા પર સંગ્રહ કરેલ સાદીરેતી ખનીજના જથ્થાની માપણી જીપીએસ મશીનથી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી છાપામારીમા જુના ટોટીદરા ગામે મામલતદાર ઝગડિયા તથા ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા સંયુક્ત ટીમ બનાવી ટોટીદરા તા.ઝગડીયા ખાતેથી પસાર થતી નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી છે. તપાસ દરમ્યાન એક મશીન તથા બે યાંત્રિક નાવડીઓ દ્વારા સાદીરેતી ખનીજનું બિનઅધિકૃત ખોદકામ કરતા હોવાનું જણાઈ આવતાં ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તેમજ સ્થળે સાદીરેતી ખનીજનો સંગ્રહ કરેલ જથ્થાની માપણી જીપીએસ મશીનથી કરી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી છે. આમ ભરૂચ જિલ્લા વિભાગ દ્વારા બે દિવસની છાપા મારી દરમિયાન કુલ રૂ.૬કરોડ ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રેતી ખનન અને તેનું વાહનનો વેપલો કરતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફતેપુરાના મકવાણાના વરુણા માર્ગ પર ઉભેલા બે બાઈક ચાલકોને ગાડીની અડફેટે ઈજા

ફતેપુરા તાલુકાના સુખસર વિસ્તારમાં આજે સાંજે ૩ વાગ્યે સુખસરથી ઝાલોદ જતા માર્ગ ઉપર મકવાણા વરૂણા નાલંદા પબ્લિક સ્કૂલની સામે બાઈક સાઈડમાં ઉભી રાખી ઉભેલા બે લોકોને ફોરવીલર ગાડીના ચાલકે ટક્કર મારતા બે લોકોને નાની મોટી ઈજા થઈ છે.ફોર વિહલર ચાલક ગાડીને સ્થળ ઉપરથી ભગાવી જતા ગાડીને સુખસર પોલીસે સંતરામપુરની હદ ઉપર જતા ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

ફતેપુરા,તા.૨૨

અકસ્માત સર્જી ફરાર થયેલો ગાડીનો ચાલક સંતરામપુરની હદમાંથી ઝડપાયો

આજે સાંજે ૩ વાગ્યે સુખસર પોલીસ સુખસર થી ઝાલોદ જતા માર્ગ ઉપર મકવાણા વરૂણા નાલંદા પબ્લિક સ્કૂલની સામે હાઈવે ઉપરથી પસાર થતાં વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા.મોટી ઢઢેલીના વાલુભાઈ ચુનિયાભાઈ પારગી તથા તેમના જમાઈ આકાશભાઈ ભુરસીંગભાઈ બારીયા રહે. સલ્લોપાટનાઓ મોટરસાયકલ ઉપરથી પસાર થતા વાહન ચેકિંગ માટે સુખસર પોલીસે ઉભા રાખ્યા હતા.તે દરમિયાન ઝાલોદ તરફથી આવતી ફોરવીલર ગાડીના ચાલકે પુરપાટ અને હંકારી લાવી આકાશ ભાઈના બાઈકને ટક્કર વાગતા આ બંને વ્યક્તિ રોડ ઉપર પડી ગઈ હતી.જેથી વાલુભાઈ પારગીન ઈજા પહોંચી હતી. આકાશભાઈ બારીયાને પણ ઈજા પહોંચી હતી. જેથી તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા અકસ્માત સ્થળે પહોંચી બંને ઈજાગ્રસ્તોને સુખસર

(અનુસંધાન બીજા પાને)

ગોધરામાં બસ સ્ટેન્ડ પાસે પાર્ક કરેલી બાઈકની ઉઠાંતરી

ગોધરા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગલાલિયાવાડ ગામે આવેલ પસાયા ફળિયામાં રહેતાં પુનીયાભાઈ સુરતાન ભાઈ પસાયાએ ગોધરા શહેર છ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગત ૧૯ ના રોજ તેઓએ રાત્રે પોતાની બાઈક ગોધરા શહેરના બસ સ્ટેન્ડ પાસે ભરો બહાર નીકળવાના ગેટ પાસે સ્ટિયરીંગ લોક કરી પાર્ક કરી હતી. અજાણ્યા વાહન ચોર બાઈકનું સ્ટિયરીંગનું લોક તોડીને બાઈકની ઉઠાંતરી કરી હતી. તા ૨૧ ના રોજ ગોધરા શહેર છ ડિવિઝન પોલીસે ચોરીની ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

SPARSH HOSPITAL & ICU
THE TOUCH OF LIFE
ડૉ. ઈશાન મોદી (એમ.ડી.(મેડિસીન))
કન્સલ્ટીંગ ફીઝીશીયન
સ્પર્શ હોસ્પિટલ & આઈ.સી.યુ.
ની સફળતાપૂર્વક ત્રણ વર્ષ પુર્ણ થયા નિમિત્તે
ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ છે.
જેનો લાભ લેવા આપ સૌ જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.
(ઓપીડી, સુગર, ECG ફ્રી માં)
કેમ્પની તારીખ :- તા. ૨૩/૦૧/૨૦૨૫, ગુરૂવાર સમય
તા. ૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવાર સમય :- સવારે ૧૦ થી ૮ વાગ્યા સુધી
કેમ્પનું સ્થળ :- જુનુ બસ સ્ટેશન, કુબડ સર્કલ સ્ટેશન પાસે, હી.વી.સાર્થી પેટ્રોલ પંપની બાજુ, ગોધરા સંપર્ક :- 9879153335

ગુજરાત સમાચાર
આપની કોઈપણ પ્રકારની જાહેરાત જેમકે ટયૂકડી, બેસણું, શ્રધ્ધાંજલિ, અભિનંદન, જાહેર નોટિસ તથા અન્ય પ્રકારની જાહેરાત આપવા માટે સંપર્ક કરો.
ભરૂચ - 6356765111 ગોધરા - 9428548766
અંકલેશ્વર - 9825489555 દાહોદ - 9426052123
હાલોલ - 9376322888 લુણાવાડા - 9979517226
શહેરા - 9737577300 હાલોલ - 9979912300

શહેરમાં પાલિકા દ્વારા ત્રીજા દિવસે પણ સામાન્ય દબાણો દૂર કરાયા

શહેરા તા.૨૨

શહેરામાં પાલિકા તંત્ર દ્વારા ત્રીજા દિવસે પણ ગઝનવી મસ્જિદ સહિતના વિસ્તારમાંથી સામાન્ય દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

શહેરા નગરપાલિકા દ્વારા ત્રીજા દિવસે પણ દબાણ હટાવ ઝુંબેશ શરૂ થયાવત રહી હતી,જેમાં નગરપાલિકા દ્વારા બસ સ્ટેશન તરફ જવાના રસ્તા પર આવેલી ગઝનવી મસ્જિદ સહિતના અન્ય વિસ્તારોમાં ચુસ્ત પોલીસે બંદોબસ્ત વચ્ચે જેસીબી મશીનની મદદથી ઓટલા જેવા સામાન્ય દબાણો દૂર કરવામાં આવ્યા હતા,જોકે પાલિકા તંત્ર દ્વારા ત્રણ દિવસમાં વિવિધ વિસ્તારના દુકાનો અને મકાનોના અંદાજિત ૩૦૦થી વધુ દબાણો દૂર કરવામાં આવ્યા હતા,તો બીજી તરફ પાલિકાની દબાણ હટાવ ઝુંબેશની કાર્યવાહીને લઈ અમુક વિસ્તારના સાંકડા રસ્તા પણ ખુલ્લા જોવા મળ્યા હતા.

આછોદ રોડ ઉપર અજાણ્યા વાહનની ટક્કરે એક વ્યક્તિનું મોત

આમોદ નગરની નૂરાનીપાર્ક સોસાયટી ખાતે રહેતા અબ્દુલ મહંમદ પટેલ ઉર્ફે ગોદર ઉ.વ.૫૮ ને અજાણ્યા વાહને ટક્કર મારતાં વૃધ્ધનું ઘટના સ્થળે જ મોત મોત થયુ હતું. આમોદ પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આમોદ, તા. ૨૨

પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કર્યો

આમોદ નગરની નૂરાનીપાર્ક સોસાયટી ખાતે રહેતા અબ્દુલ મહંમદ પટેલ ઉર્ફે ગોદર ઉ.વ.૫૮ લારીમાં છૂટક ડુંગરી વેચી પોતાનું જીવન ગુજરાન ચલાવતા હતાં તેમજ એકલવાયુ જીવન ગુજરતા હતા. જેઓ આજે સવારના સમયે નૂરાનીપાર્ક સોસાયટીમાંથી નીકળી સામે રોડ ઉપર આવેલી ચાની લારી ઉપર ચા પીવા માટે જતાં હતાં. અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતાં ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતુ.તેઓ લારીમાં ડુંગળી લઈ ઘરે ઘરે ફરી ડુંગળી વેચી પોતાનું જીવન ગુજરાન ચલાવતા હતાં. આમોદ પોલીસે ઘટના સ્થળે પહોચી કાયદેસરની હાથ ધરી હતી.

તેમનાં મૃતદેહને આમોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી પોસ્ટમોર્ટમ કર્યુ હતું.પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

શહેરા-ભેંસાલ રોડ ઉપરથી બે પશુને લઈ જતાં બે શખ્સ ઝડપાયા

શહેરા-ભેંસાલ રોડ ઉપરથી ચાલતા લઈ જતાં બે બળદ સાથે બે શખ્સને ઝડપી પાડી બંને બળદને સુરક્ષિત રીતે પાંજરાપોળમાં મોકલી અપાયા હતા.સમગ્ર મામલે ઝડપાયેલા બે શખ્સો સહિત ૩ શખ્સો સામે ગુન્હો નોંધાયો છે.

શહેરા તા.૨૨

બંને પશુને પાંજરાપોળ ખાતે મોકલી આપી કુલ ત્રણ શખ્સ સામે ગુનો નોંધાયો

શહેરા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના માણસો શહેરા-વાઘજીપુર રોડ ઉપર પેટ્રોલીગમાં હતા,તે દરમ્યાન બાતમી મળી હતી કે ભેંસાલ ગામેથી શહેરા તરફ બે ઈસમો બે ગૌવંશને રોડની સાઈડમાં અંધારામાં ઠૂંઠા દોરડા વડે બાંધી દોરી લઈ ચાલતા આવે છે.

જે બાતમીના આધારે સર્વેલન્સ ટીમના માણસોએ બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા સ્થળ પરથી શહેરા તાલુકાના ધામણોદ ઠાકરીયાના વજીરભાઈ રૂમાલભાઈ ખાંટ અને દલપતભાઈ સાયબાભાઈ ખાંટ આ બે ઈસમો બે બળદ લઈને આવતા હોવાનું જણાતા તેઓને ઝડપી પાડ્યા હતા.

બંને બળદને ગોધરાના જીવદયા પાંજરાપોળ ખાતે મોકલી આપી ઝડપાયેલા ઈસમોની પૂછપરછ કરતા આ બળદ શહેરના તળાવ મહોલ્લામાં આવેલ મસ્તાની ચાલીમાં રહેતા સોહીલ મેહમુદખાં શેખે મંગાવ્યા હોવાનું જણાવ્યું હતું.

ઝડપાયેલા બે ઈસમો અને આ બળદ મંગાવનાર એમ ૩ શખ્સો સામે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

છાયણ ગામ પાસે બિન વારસી હાલતમાં

નંબર પ્લેટ વિનાની ફોર વ્હીલ ગાડીમાંથી રૂ.૯.૬૦ લાખના અફીણના જીંડવા મળ્યા

પેટ્રોલિંગમાં નીકળેલી ચાકલીયા પોલીસને છાયણ ગામે નવા બની રહેલા દિલ્હી મુંબઈ હાઈવે પરથી બિન વારસી મળી આવેલી નંબર વગરની ફોર વ્હીલર ગાડીમાંથી રૂ.૯.૬૦ લાખ ઉપરાંતનો પ્રતિબંધિત અફીણના જીંડવા મળી આવતા રૂ. ૯ લાખની ગાડી મળી કુલ રૂ.૧૮,૬૦,૨૭૦ નો મુદ્દામાલ કબજે લીધો છે.

દાહોદ તા.૨૨

પોલીસે કુલ રૂ.૧૮.૬૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો

દાહોદ પોલીસે ગત તા.૨૦ ના રોજ જુદી જુદી બે જગ્યાએથી કુલ મળી રૂપિયા અડધા કરોડ ઉપરના પ્રતિબંધિત અફીણના જીંડવા પકડી પાડી એક ટ્રક અને એક ડસ્ટર ગાડી સાથે બે શખ્સની અટકાયત કરી હતી. આજે સતત બીજે દિવસે જિલ્લામાં એક જગ્યાએથી પ્રતિબંધિત એવા અફીણના જીંડવાના જથ્થા સાથે એક ફોર વ્હીલ ગાડી પકડી છે. જેમાં દાહોદ જિલ્લાના ચાકલિયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સ્ટાફ લઈ ગતરોજ રાતે પોતાના પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગમાં નીકળ્યા હતા.તે સમયે છાયણ ગામે નવા બની રહેલા દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે રોડ પર રોડની સાઈડમાં ઊભેલી નંબર વગરની ઈનોવા ક્રેષ્ટા ગાડી પર પીએસઆઈની નજર પડતા ગાડી નંબર વગરની હોવાથી તેઓને ગાડી શંકા ગઈ હતી.

તેઓએ ગાડીની તલાસી લેતાં ગાડીમાં મૂકેલ પ્રતિબંધિત એવા અફીણના જીંડવા ભરેલા થેલાઓ તેમજ પોટલું નજરે પડતા પોલીસે ચોંકી ઉઠી હતી.પોલીસે ગાડીમાંથી રૂ.૯,૬૦,૨૭૦ ની કુલ કિંમતના ૩૨૦કિલોગ્રામ કુલ વજનના પ્રતિબંધિત એવા અફીણના જીંડવા ભરેલ કાળા તથ થેલાઓ નંગ-૧૭ તથા કપડાનું પોટલું નંગ-૧ પકડી પાડી અફીણના જીંડવાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂ. ૯ લાખની ગાડી મળી કુલ રૂ.૧૮,૬૦,૨૭૦ નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ ગાડીના ચાલક વિરૂદ્ધ ચાકલિયા પોલીસે પોતાના જ પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી એન કોટવાલ દ્વારા નોંધાવાયેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડ કરી હતી.

ટવાગામ પાસે સીગંલા મલાજા

પાઈપ લાઈનમાં ભંગાણ થતાં નર્મદાનું ફિલ્ટર કરેલા હજારો લીટર પાણીનો વેડફાટ

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં પાણી નસવાડી તા.૨૨ પુરવઠા યોજનામાં પાણીની લાઈનો ગામે ગામ પાણી પહોંચાડવા માટે નાખવામાં આવી છે.

પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની નિષ્કાળજીના કારણે પાણીની લાઈન રીપેર કરવા માટે કલાકો સુધી ને કોઈ ન આવ્યુ

કરોડો રૂપિયાના ખર્ચે ઊંડાણના ગામડાઓને પીવાના પાણી શુદ્ધ મળે તે માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા વર્ષો પેહલા કામગીરી કરી મોટી મોટી પાઈપો નાખી હતી.હાલ થોડાક વર્ષોમાં તે પાઈપોમાં ભંગાણ સર્જાતા કામગીરી ઉપર અનેક સવાલો ઉઠી રહ્યા છે.હાલ ટવાગામ પાસે સીગંલા મલાજા પાઈપ લાઈનમાં મોટું ભગાંણ થતા હજારો લીટર શુદ્ધ પાણી ક્ષેતરમાં વેડફાઈ ગયું છે છતાં અધિકારીઓ આ પાઈપો રીપર કરવા પણ કલાકો સુધીનાં પોહચ્યા હતા અધિકારીઓને પાણીની કિંમત જ નાં હોય તે રીતના વહીવટ ચલાવી રહ્યા છે.

સરકાર કરોડો રૂપિયા આદિવાસી વિસ્તારના વિકાસ માટે ફાળવે છે અને કોઈ માનવી પાણી વગરનોનાં રહે તે માટે પ્રયાસો કરી રહ્યા છે પરંતુ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોનાં વાંકે કામગીરીમાં ઊણપો રહી હતી.હોવાથી પાઈપોમાં ભગાણા સર્જાવવા લાગ્યા છે જેથી તેઓની કામગીરી છતી થઈ છે.પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની નિષ્કાળજીના કારણે પાણીની લાઈન રીપેર કરવા માટે કલાકો સુધી ને કોઈ આવ્યું ન હતુ.

ક્વાંટના ટવાગામ પાસે સીગંલા મલાજા પાઈપ લાઈનમાં ભંગાણ થતાં નર્મદાનું ફિલ્ટર કરેલા હજારો લિટર પાણીનો વેડફાટ રહ્યું છે.(તસવીર :અબ્દુલ કાદીર)

મોપેડમાં આકસ્મિક આગ લાગી

ગોધરા,તા.૨૨

ગોધરા શહેરના સિગ્નલ ફળીયા વિસ્તારમાં આવેલ ભિલાલ મસ્જિદ પાછળ રહેતા તોસિફ ઈલ્યાસ હડીયાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે જાણવાજોગ નોંધાવી હતી.ગત તા ૧૮ જાન્યુઆરીના રોજ રાત્રીના સમયે ગોધરા શહેરનાં ચિત્રાખાડી ફળીયા જતાં રોડ પર સમીર સાદિક કંસારાના ગેરેજ પર રહેલ તેઓના ઓલા ઈસ્કુટરમાં આકસ્મિક રીતે આગ લાગી હતી.જેમાં મોપેડ બળીને ખાક થઈ ગયું હતું. ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે જાણવાજોગ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

POLYCAB
IDEAS. CONNECTED.
POLYCAB INDIA LIMITED
Registered Office : Unit 4, Plot Number 105, Halol Vadodara Road, Village Nurpura, Taluka Halol, Panchmahal, Gujarat 389350
Corporate Office : #29, The Ruby, 21st Floor, Senapati Bapat Marg, Tulsi Pipe Road, Dadar (West), Mumbai -400028
CIN : L31300GJ1996PLC114183; **Tel.:** +91 22 67351400; **Website :** www.polycab.com; **E-mail :** shares@polycab.com

CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31 DECEMBER 2024

(₹ Million, except per share data)

Particulars	Quarter ended			Nine months ended	
	31 Dec 24	30 Sep 24	31 Dec 23	31 Dec 24	31 Dec 23
	Unaudited	Unaudited	Unaudited	Unaudited	Unaudited
Total Income from operations	52,510.67	55,745.79	44,114.57	155,820.81	126,145.86
Net profit for the period before tax	6,165.73	5,903.47	5,463.95	17,402.88	16,340.39
Net profit for the period after tax	4,643.48	4,452.08	4,165.11	13,111.75	12,494.40
Total Comprehensive Income for the period (Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax))	4,637.99	4,443.47	4,142.02	13,005.90	12,411.56
Equity Share Capital (Face value of ₹10/- each)	1,504.20	1,503.89	1,501.63	1,504.20	1,501.63
Reserves as shown in the Audited Balance Sheet			80,368.98		
Earnings Per Share (Face value of ₹ 10/- each) #					
a) Basic	30.42	29.25	27.50	86.02	82.56
b) Diluted	30.31	29.14	27.40	85.68	82.23

not annualised for quarters and nine months

Notes

1) The above consolidated financials results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 22 January 2025.

2) Additional information of standalone financial results are as follows:

(₹ Million)

Particulars	Quarter ended			Nine months ended	
	31 Dec 24	30 Sep 24	31 Dec 23	31 Dec 24	31 Dec 23
	Unaudited	Unaudited	Unaudited	Unaudited	Unaudited
Total Income from operations	51,298.66	54,436.27	45,838.56	152,346.96	127,859.28
Net profit for the period before tax	6,007.62	5,708.67	6,024.92	16,863.65	17,158.17
Net profit for the period after tax	4,529.57	4,306.47	4,592.82	12,712.72	13,115.24

3) The above is an extract of the detailed format of quarterly/ yearly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. For full format of the quarterly/ yearly financial results, visit Stock Exchanges website (www.bseindia.com, www.nseindia.com), Company website (www.polycab.com) or scan below QR code.

Place : Mumbai
Date : 22 January 2025

For and on behalf of the Board
Inder T. Jaisinghani
Chairman & Managing Director
DIN : 00309108